# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૪૮/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૨૪- ૦૫ – ૨૦૧૭

પ્રતિ,
શ્રી ચિમનભાઇ વિઠ્ઠલભાઇ પટેલ
"એંજલ બ્લીસ"
મુ.પો.બીલ,
તા.જી.વડોદરા

વિષય :-મોજે બીલ, તા.જી.વડોદરાના, બ્લોક નં.૩૨૭, મુળખંડ નં.૦૬ અંતિમખંડ નં.૧૪, ટી.પી.સ્કીમ નં.૧ (બીલ) વાળી જમીનમાં કુલ-૭૪ રહેણાંકના મકાનો તથા કોમનપ્લોટ નં-૧ માં ક્લબ હાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૨૯-૦૪-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગીના અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

# વિકાસ પરવાનગી

શ્રી ચિમનભાઇ વિઠ્ઠલભાઇ પટેલ મોજે બીલ, તા.જી.વડોદરાના, બ્લોક નં.૩૨૭, મુળખંડ નં.૦૬ અંતિમખંડ નં.૧૪, ટી.પી.સ્કીમ નં.૧ (બીલ) વાળી જમીનનું ક્ષેત્રફળ ૧૫૦૮૪.૦૦ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર ૩૭૦૮.૦૩ ફર્સ્ટ ફ્લોર ૪૪૪૦.૫૩+૧૧૯.૪૪ (ક્લબ હાઉસ) ચો.મી., સેકન્ડ ફ્લોર ૪૪૭.૩૬ ચો.મી મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૮૭૧૫.૩૬ ચો.મી માં કુલ-૭૪ રહેણાંકના મકાનો તથા કોમનપ્લોટ નં-૧ માં ક્લબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨) હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ ફોર્મ નં.૨(ડી), સોઇલ ટેસ્ટ રીપોર્ટ, સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ તથા સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી રજુ કરવાના રહેશે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ. તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ પીટની જોગવાઇ કરવાની રહેશે.

૩. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક: વનમ-૧૦૦૮-૩૨૬૦-લ,તા.૧૦/૩/૨૦૧૦ની જોગવાઇ મુજબ કુલ-૨૨૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૫. કોમન પ્લોટ ની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વહેચી શકાશે નહી.કોમનપ્લોટ માં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક

શહેરી વિકાસ સત્તામંડળ,

વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૪૮/૨૦૧૭

શહેરી વિકાસ સત્તામંડળ,

કારેલીબાગ, વડોદરા – ૧૮.

તા. ૨૪/૦૫/૨૦૧૭

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.